
# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 4 * જાન્યુઆરી 2015 * કિં ₹ 10




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું આગામી પ્રકાશન



બીજી ડિસેમ્બરે વિશ્વ સંસ્કૃતિ દિન નિમિત્તે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા 'ગ્રંથોત્સવ' કાર્યક્રમમાં 'ગુજરાતી વિશ્વકોશ' ગ્રંથ-૭(પુનઃસંસ્કરણ), 'બાળવિશ્વકોશ' ગ્રંથ-૫, 'મેઘનાદ સહા' અને 'ચીકુ'નું વિમોચન



પૅરિસના વિખ્યાત લુવ્ર મ્યુઝિયમનાં ચિત્રો વિશે શ્રી અમિતાભ મડિયાનો વાર્તાલાપ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩, ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪


•

email : vishvakoshad1@gmail.com • www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-
લવાજમ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# પ્રથમ પુણ્યતિથિએ



"વિશ્વકોશની પ્રવૃત્તિ એ એક પેઢીનું કામ નથી. એની મશાલ પેઢી-દર-પેઢી ફરતી રહેવી જોઈએ. કોઈ અગ્નિહોત્રીનો હવન ચાલતો રહે, એ જ રીતે આપણા જ્ઞાનકોશનો યજ્ઞ પણ ચાલવો જોઈએ."

વિશ્વકોશની સ્થાપનાને ૨૮ વર્ષ થયાં , ત્યારે બીજી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ એના પ્રણેતા ધીરુભાઈ ઠાકરે 'વિશ્વકોશના ઇષ્ટદેવ તે વિશ્વદેવતા, તેનું સમારાધન અને લક્ષ્ય તે વિશ્વજ્ઞાન' એમ કહીને સતત ચાલતા આ સ્વાધ્યાયયજ્ઞની ધુરા વિશ્વકોશ-પરિવારને સોંપી હતી. જ્ઞાનચૈતન્યના પ્રકાશરૂપ યજ્ઞનું કાર્ય સતત ચાલતું રહે તેવી વિશ્વકોશપુરુષ ધીરુભાઈ ઠાકરની ભાવના આજે પણ અમારા સહુના હૃદયમાં અવિરત ગુંજ્યાં કરે છે.

૨૪મી જાન્યુઆરી, ૨૦૧૫ – એ દિવસ તે ધીરુભાઈની પ્રથમ પુણ્યતિથિ, પરંતુ વિશ્વકોશના વાતાવરણમાં હજી ધીરુભાઈના વિદ્યાયજ્ઞનો પ્રકાશ સહુ કોઈ અનુભવે છે. ધીરુભાઈ હૃદયરોગના હુમલાને કારણે ICCUમાં હોય કે પછી અસ્વસ્થ તબિયતને કારણે ફરજિયાત આરામ કરવા માટે ઘરમાં હોય, તોપણ એમના મનમાં સતત ધબકતી હોય વિશ્વકોશની જ લગની. વિશ્વકોશનું કામ ઘેર લઈ જાય અને સવારે એ વાંચીને તૈયાર રાખે. વિશ્વકોશમાં આવે એટલે તુરત જ પોતે કરેલા કામનો હિસાબ આપે અને સૌની પાસેથી એમનો હિસાબ પૂછે. જો અસ્વસ્થ તબિયતને કારણે વિશ્વકોશભવનમાં આવ્યા ન હોય, તો જુદી જુદી વ્યક્તિઓને એમના ઘેર બોલાવે. એમની સાથે ચર્ચાવિચારણા કરે. આ રીતે આ કાર્ય અવિરત ચાલતું રહે અને પ્રજ્વલિત થયેલા જ્ઞાનયજ્ઞનું તેજ સહેજે ઝાંખું ન પડે તેની પૂરી ખેવનાને ખબર રાખે.

ગંભીર માંદગીને કારણે પલંગમાં બિછાને હોય કે પછી વિશ્વકોશભવનમાં હોય, પરંતુ થોડા થોડા સમયે તેઓ એક કાગળમાં કેટલાક મુદ્દાઓ લખીને મને બોલાવતા હતા. પછી એ મુદ્દાઓની વિગતે વાત કરતા હતા. એ મુદ્દાઓમાં વિશ્વકોશના ભાવિ વિકાસનો નકશો હોય, હવે કઈ નવી પ્રવૃત્તિ કરવાની છે તેની નોંધ હોય. ક્યારેક કોશવિદ્યાના કાર્યશિબિરની વાત હોય તો ક્યારેક વિશ્વકોશની શ્રેણીના નવા પુસ્તક અંગે નોંધ હોય.

વિશ્વકોશની સામગ્રીમાંથી કયાં કયાં પુસ્તકો થઈ શકે અને તેનું સંકલન અને સંપાદન કોને સોંપવું એની પણ વિગત હોય.

આ પ્રથમ પુણ્યતિથિએ એમને સાચી અંજલિ તો એ જ આપી શકાય કે એમણે સોંપેલો જગન્નાથનો રથ અમે સહુ કેટલો આગળ લઈ ગયા, તેનાં લેખાં-જોખાં કરીએ. ડૉ. ધીરુભાઈ ઠાકરના અવસાન પછી વિશ્વકોશે એની ગુજરાતી વિશ્વકોશના પુન:સંસ્કરણની અને બાળવિશ્વકોશની પ્રવૃત્તિને યથાવત્ ચાલુ રાખી. સત્ય અને સુંદરના અભિલાષી શિક્ષકો અને અમારા સહુના સ્વજન શ્રી ચંદ્રકાન્ત શેઠનું માર્ગદર્શન આમાં સતત સાંપડતું રહ્યું છે. ગુજરાતી વિશ્વકોશનો સાતમો ગ્રંથ અને બાળવિશ્વકોશનો પાંચમો ગ્રંથ પ્રકાશિત થયા. વિજ્ઞાનીઓનાં ચરિત્રની શ્રેણીમાં ડૉ. પ્રહ્લાદભાઈ છ. પટેલકૃત 'મેઘનાદ સહા' નામનું વિજ્ઞાનીના જીવનકાર્યને આલેખતું ચરિત્ર પ્રગટ કરવામાં આવ્યું.

ધીરુભાઈના અવસાન પછી એમના જીવન-કાર્યને અંજલિ અર્પતો 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' ગ્રંથ માત્ર ચાર મહિનામાં વિશ્વકોશના જન્મદિવસે પ્રગટ થયો. ૧૩૮ જેટલા જુદા જુદા ક્ષેત્રના મહાનુભાવોએ એમના પ્રસંગોનું આલેખન કર્યું, જેમાંથી આવનારી પેઢીને પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે.

માતૃભાષાની કટોકટીની વાત થાય છે ત્યારે અમને સહુને એ વિચાર આવ્યો કે બાળકો અને કિશોરોને માટે કશુંક કરવું જોઈએ. આને માટે જાણીતા લેખિકા ધીરુબહેન પટેલનો સહયોગ મળ્યો અને તેથી આજનાં બાળકોને પસંદ પડે તેવા વિષયો ધરાવતાં બાળસાહિત્યનાં પુસ્તકો પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. શ્રી અંજનાબહેન ભગવતીએ લખેલું 'કીડી કુંજર કરે કમાલ' નામનું પુસ્તક આર્ટ પેપર પર કોર કલર પ્રિન્ટિંગ સાથે અને બાળકોની નજરમાં વસી જાય તેવાં ચિત્રો સાથે પ્રગટ કરવામાં આવ્યું. એ પછી સોનલ પરીખનું 'ચીકુ' નામનું પુસ્તક પ્રગટ થયું. એક નવા પ્રયોગ રૂપે 'કીડી કુંજર કરે કમાલ' બાળવાર્તાસંગ્રહ પરથી બાળનાટ્ય તૈયાર કરવામાં આવ્યું. અમદાવાદની જુદી જુદી નિશાળનાં બાળકોએ એની ઊલટભેર રજૂઆત કરી અને બાળવાર્તાનું પઠન પણ યોજ્યું. એ દિવસે વિશ્વકોશભવન બાળકોથી ઊભરાઈ ગયું હતું. ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્ય તો લખાતું હતું, પરંતુ કિશોર સાહિત્ય ખૂબ ઓછું લખાતું હતું. તેથી સારી એવી રકમના પારિતોષિક સાથે કિશોરો માટેની સળંગ વાર્તા-સ્પર્ધાનું આયોજન થયું. ગુજરાતી ભાષામાં સવાસોથી દોઢસો પાનાંની સળંગ લાંબી કિશોરકથા લખવાની આ સ્પર્ધાને કલ્પ્યો ન હોય તેવો પ્રતિસાદ સાંપડ્યો. જાણીતા સર્જકોએ પણ આમાં એમની હસ્તપ્રતો મોકલી અને આજે આવી ૬૦થી વધુ લાંબી સળંગ કિશોરકથાઓ મળી છે.

કલાવીથિકામાં અગ્રણી ચિત્રકારોનાં ચિત્રપ્રદર્શનો યોજાયાં.

વિશ્વકોશના પ્રસાર-પ્રચાર માટે ગ્રંથપાલોની ભૂમિકા મહત્ત્વની બની શકે. આથી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહનું આયોજન કર્યું અને સાત દિવસના

આ સપ્તાહમાં જગતના વિશ્વકોશો અને શબ્દકોશોનું પ્રદર્શન, બાળકો માટેની વક્તૃત્વસ્પર્ધા અને વિશ્વકોશભવનમાં એક પરિસંવાદ યોજવામાં આવ્યાં. આખા દિવસના એ પરિસંવાદમાં ગુજરાતના ૭૫ જેટલા ગ્રંથપાલો અને ૪૦ જેટલા ગ્રંથાલયવિજ્ઞાનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિશ્વકોશની ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણી અને સ્વાસ્થ્ય-યોગ-શ્રેણીમાં બીજી બે શ્રેણીઓનો ઉમેરો થયો. એક જીવન-ઉત્કર્ષ-શ્રેણી અને બીજી અર્થશાસ્ત્ર કે અન્ય સામાજિક વિદ્યાઓની વ્યાખ્યાનશ્રેણી.

પ્રતિવર્ષ અપાતા 'સવ્યસાચી સારસ્વત' ઍવૉર્ડનું નવું નામાભિધાન કરવામાં આવ્યું અને 'શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' એવું નામ રાખવામાં આવ્યું. એનો પ્રથમ ઍવૉર્ડ નારાયણભાઈ દેસાઈને અપાયો હતો અને બીજો ઍવૉર્ડ શ્રી મૃણાલિની સારાભાઈને એનાયત કરવામાં આવ્યો.

વિશ્વકોશની સ્થાપનાદિવસ એ વિશ્વસંસ્કૃતિ-દિવસ તરીકે ઊજવવાની પરંપરા ચાલુ રહી અને આ વર્ષે વિશ્વકોશના સ્થાપનાદિવસ એટલે કે ૨જી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ગ્રંથોત્સવની સાથોસાથ વિશ્વકોશના ભાવિ વિશે પ્રિ. દાઉદભાઈ ઘાંચીનું પ્રવચન યોજવામાં આવ્યું. એ પછીના દિવસે અમર ભટ્ટ અને અન્ય કલાકારો દ્વારા વિદેશી કવિઓનાં ગુજરાતી ભાષામાં અનુવાદિત થયેલાં ગીતોની પ્રસ્તુતિ રાખી અને ૪થી ડિસેમ્બરે પૅરિસમાં વિખ્યાત લુવ્ર મ્યુઝિયમનાં ચિત્રોની ફોટો ગ્રેવ્યોર રંગીન પ્રતોનું પ્રદર્શન અને શ્રી અમિતાભ મડિયાનો એ વિશે વાર્તાલાપ યોજવામાં આવ્યો.

૨૦૦૬ની ૧૯મી એપ્રિલે આરંભાયેલી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન શ્રેણીમાં ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કુલ ૨૧૦ વ્યાખ્યાનો યોજાયાં. મહિનાના બે બુધવારે યોજાતી આ વ્યાખ્યાનશ્રેણી નિયમિત ચાલતી રહી છે અને શ્રોતાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. પરિભાષાકોશ, ચરિત્રકોશની તૈયારીઓ ચાલી રહી છે. નાટ્યકોશનું કાર્ય પણ આરંભાઈ ચૂક્યું છે. વિશ્વકોશના વિદ્યાયજ્ઞનો તેજપુંજ સતત વિસ્તરતો રહે, તે જ એના પ્રણેતાને પ્રથમ પુણ્યતિથિએ અપાયેલી સમુચિત અને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

– **કુમારપાળ દેસાઈ**

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. □

# રાજકીય શાણપણનો નવો અધ્યાય

દુનિયાના દેશોમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. દેશો વચ્ચેની રાજકીય ગરમાગરમી ચરમસીમાએ છે. આતંકવાદ, ધાર્મિક કટ્ટરતા અને રાજકીય-રાષ્ટ્રીય હિતોની લેણદેણ તેના ચાલકબળ છે. આ સ્થિતિને લક્ષમાં લઈને અમેરિકા જેવો માતબર દેશ વિદેશનીતિમાં પરિવર્તનની દિશા પકડે તે ચોક્કસ જ વિલક્ષણ ઘટના ગણાય.

અમેરિકા ખંડના નકશા પર નજર કરીએ તો અમેરિકા અને દક્ષિણ અમેરિકા મધ્યે મેક્સિકોના અખાતમાં એક ટચૂકડો ટાપુ ક્યૂબા નજરે ચડે છે. ક્યૂબાના કાસ્ટ્રો અને કાસ્ટ્રોનું ક્યૂબા એવું સમીકરણ છેલ્લા પાંચ દાયકાથી પ્રવર્તે છે. 'કેરેબિયન સમુદ્રના મોતી' કે 'ખાંડના કટોરા' તરીકે ઓળખાતો આ દેશ તેની ઉચ્ચ કક્ષાની તમાકુ અને તેમાંથી બનતી સિગાર માટે પણ પ્રસિદ્ધ છે. ૧૯૫૯થી ૨૦૦૬ સુધી સતત સુડતાળીસ વર્ષો સુધી ફિડેલ કાસ્ટ્રો તેના પ્રમુખ અને વડાપ્રધાન બંને રહ્યા. સાથે તેનું સંચાલન સામ્યવાદી વિચારધારાની રૂએ જ કરતા રહ્યા. ૨૦૦૬માં તેમણે તેમના ભાઈ રાઉલ કાસ્ટ્રોને પોતાની નાદુરસ્ત તબિયતને કારણે ક્રમશઃ સત્તા સુપરત કરી.

વિશ્વમાં આ ટચૂકડો દેશ બે કારણોથી ખ્યાતનામ છે. એક તેની ચુસ્ત સામ્યવાદને વરેલી વિચારધારાને કારણે. પશ્ચિમ ગોળાર્ધમાંનો આ એક માત્ર સામ્યવાદી દેશ છે. રશિયા અને પૂર્વ યુરોપમાંથી સામ્યવાદની વિદાય પછી સામ્યવાદની નીતિ-રીતિને વરેલું આ એકમાત્ર રાષ્ટ્ર છે. ફિડેલ કાસ્ટ્રો એના એકધારું, એકહથ્થુ શાસન ચલાવનાર ક્રાંતિકારી નેતા અને લશ્કરી વડા હતા. બીજું, તેની મિસાઇલ્સ - પ્રક્ષેપાસ્ત્રોની કટોકટીને કારણે. ક્યૂબા તેની સામ્યવાદી વિચારસરણીને કારણે રશિયા સાથે નજીકી સંબંધો ધરાવતું હતું. શીત યુદ્ધને કારણે રશિયા – અમેરિકા કટ્ટર હરીફ દેશો હતા. રશિયાનો નૌકાકાફલો પ્રક્ષેપાસ્ત્રો લઈ તે ગોઠવવા માટે ક્યૂબામાં રવાના થયેલો.

અમેરિકા તેના આ શાખ-પાડોશી દેશમાં પ્રક્ષેપાસ્ત્રો ગોઠવાય તેમ ઇચ્છતું નહોતું. તે સમયના પ્રમુખ જ્હોન કેનેડીએ ક્યૂબાની આસપાસ નાકાબંધી કરી. ૧૯૬૨ના ઑક્ટોબરમાં રશિયા-અમેરિકાના નૌકાકાફલા ટકરાય તો ત્રીજા વિશ્વયુદ્ધની નોબત આવી પડે તેવી કાળઝાળ સ્થિતિ સર્જાઇ. બંને દેશો મરવા-મારવા જાણે કૃતનિશ્ચયી બન્યા. અલબત્ત, કેનેડી અને ક્રુશ્ચોવ વચ્ચે છેવટે સમજૂતી થઈ. રશિયા પ્રક્ષેપાસ્ત્રો હટાવી લે તો અમેરિકા ક્યૂબામાં હસ્તક્ષેપ નહીં કરે. વધુમાં આ ગંભીર કટોકટીના નિવારણ માટે તથા વાતચીતનો દોર હંમેશ માટે ચાલુ રાખી શકાય તે માટે આ બંને સર્વોપરી મહાસત્તાઓ વચ્ચે ટેલિફોન સેવા – જે તે સમયે 'હૉટ લાઇન' તરીકે ઓળખાયેલી – ઊભી કરવામાં આવી. એક તો સામ્યવાદી દેશ, વળી અમેરિકા સામે માથું ઊંચકનાર દેશ હોવનાથી ક્યૂબા અમેરિકાને આંખના કણાની માફક ખૂંચતું રહ્યું હતું. આમ

જગતભરના શ્વાસ થંભાવી દેનાર, ભીષણ અણુસંગ્રામથી વિશ્વને ખેદાનમેદાન કરી નાખે તેવી ચૌદ દિવસની ક્યૂબન મિસાઇલ કટોકટી એ અમેરિકાને ખુલ્લેખુલ્લો પડકાર હતી. બંને દેશોની શત્રુતા પચાસ વર્ષ જૂની છે. આ જ કારણથી ફિડેલ કાસ્ટ્રોનું નેતૃત્વ અમેરિકાને લગીરે માન્ય નહોતું. ફિડેલ એકધારું, સતત શાસન ચલાવનાર વિક્રમસર્જક સમર્થ શાસક રહ્યા. પ્રજાના એ અસરકારક ને રુઆબદાર નેતા છે.

આ સ્થિતિમાં પલટો કેમ આવ્યો ! ૨૦૦૬ પછી નાદુરસ્ત તબિયતને કારણે સર્વસત્તાધીશ ફિડેલ કાસ્ટ્રોએ સત્તા છોડવાનાં પગલાં લેવાં શરૂ કર્યાં. ફિડેલે તેમના ભાઈ રાઉલ કાસ્ટ્રોને ક્રમશઃ સત્તા સુપરત કરી. રાઉલે સમાજવાદી શૈલી છોડી ઉદારીકરણનો માર્ગ અપનાવ્યો. અર્થતંત્રમાં મહત્ત્વના ફેરફાર કર્યા. આ નવા સંદર્ભને કારણે બંને દેશો વચ્ચે સંબંધો સુધારવા જોઈએ એવી નવી માનસિકતાએ આકાર લીધો. કેનેડા જેવા પડોશી દેશે તેમાં રસ લીધો. છેક છેલ્લે પોપ ફ્રાન્સિસની સમજાવટ પણ તેમાં ઉમેરાઈ. પરિણામે અમેરિકા–ક્યૂબા વચ્ચે નવા રાજકીય અધ્યાયનો આરંભ થયો. ડિસેમ્બર, ૨૦૧૪ના ત્રીજા સપ્તાહમાં અમેરિકાના પ્રમુખ ઓબામાએ ક્યૂબા સાથેના સંબંધોની ટીવી પર ઘોષણા કરી. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો શરૂ થશે. બંને પરસ્પરના પાટનગરમાં રાજદ્વારી કચેરીઓ ઊભી કરશે. આ સત્તાવાર સંબંધો સ્થાપવા અમેરિકાની કૉંગ્રેસની મંજૂરી અનિવાર્ય હોય છે. પણ તે મંજૂરી મળશે જ એવો આશાવાદ અહીં સ્પષ્ટ છે. આમ નવી દિશાના પ્રયાણનો પ્રારંભ થયો. ઓબામાએ તેમના નિવેદનમાં જણાવ્યું કે પચાસ વર્ષના અબોલા – અલગાવ - અર્થહીન નીવડ્યા હતા. બંને દેશો વચ્ચે નવી નીતિ સમયની અનિવાર્યતા હતી. તો પ્રમુખ રાઉલ કાસ્ટ્રોએ પણ આશાવાદને સમર્થન પૂરું પાડતાં જણાવ્યું કે 'તમામ મતભેદો છતાં સભ્યતાપૂર્વક સાથે રહેવાની કળા આપણે શીખવી જ રહી.'

આ પ્રારંભિક સમજથી બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોનો આરંભ થાય છે. અમેરિકામાં વસતા ક્યૂબાના નાગરિકો પર વતનમાં નાણાં જમા કરાવવા સામેના પ્રતિબંધો દૂર કરાશે. ક્યૂબા પરના આર્થિક-વ્યાપારી પ્રતિબંધો પણ આગળ ચાલતાં રદ કરાશે. અમેરિકા ફોન અને ઝડપી ઇન્ટરનેટ સેવાઓનો લાભ ક્યૂબાને આપશે તેમજ તે માટેની આવશ્યક ટેક્નિકોની સવલતમાં સહાયક બનશે.

આમ ૨૦૧૪ના વર્ષનું ત્રીજું સપ્તાહ નોંધપાત્ર રહ્યું. રાજકારણમાં જવલ્લે જ જોવા મળતો દુશ્મનીથી દોસ્તીનો સુખદ રાજકીય અધ્યાય અહીં રચાયો છે. આતંકવાદની ખૂંખાર રીતરસમો છતાં આવનારી નવી પેઢીઓને માટે ૨૦૧૫નું વર્ષ નવી આશાઓ સાથે કરવટ બદલી આરંભ પામી રહ્યું છે. રાજકીય શાણપણનો આ નવો અધ્યાય વિસ્તરતો રહેશે એવો આશાવાદ એથી જન્મે છે.

– રક્ષા મ. વ્યાસ

# અનિયમિત પરિભ્રમણ કાળવાળો ગ્રહ : PH3c

સૌરમંડળની બહાર ગ્રહોના 'શિકાર' કરવાની પ્રક્રિયા જોરશોરથી ચાલી રહી છે. શિકારીઓ બીજા કોઈ નહીં પણ ખગોળવિજ્ઞાનીઓ છે. તાજેતરમાં જ ૨,૩૦૦ પ્રકાશવર્ષ દૂર એક નવો ગ્રહ 'પીએચ૩-સી' શોધી કાઢ્યો છે. તે 'પીએચ૩'થી ઓળખાતા પિતૃતારા ફરતે પરિભ્રમણ કરી રહ્યો છે.

૧૯૯૫ સુધી તો સૌરમંડળની બહાર કોઈ ગ્રહ શોધાયો ન હતો. ચારસો વર્ષ પહેલાં ઇટાલીના એક તત્ત્વજ્ઞાની અને ખગોળવિજ્ઞાની ગિઓર્દાનો બ્રુનોએ વાદ આપ્યો કે આ વિશ્વમાં અસંખ્ય તારાઓ છે. તેમની આસપાસ અનેક જગતો ઘૂમી રહ્યાં છે; પરંતુ ધર્મગુરુઓએ તેને પાખંડી ગણ્યો અને શૂળીએ ચઢાવી સળગાવી દીધો. ૧૯૮૦ના દાયકામાં વિખ્યાત ખગોળવિજ્ઞાની પોતાની ટીવી સિરિયલ 'કોસમોસ'માં જ્યારે બ્રુનોની વાતને કંઈક અંશે અનુમોદન આપ્યું ત્યારે ખગોળવિજ્ઞાનીઓએ તેમને હસી કાઢેલા. કારણ કે આપણા સૌરમંડળ બહાર કોઈ ગ્રહ શોધાયો જ ન હતો.

પરંતુ કાર્લ સાગનના મૃત્યુ પહેલાં એક વર્ષ અગાઉ સ્વિટ્ઝર્લૅન્ડના વૈજ્ઞાનિકોની એક ટીમે ઑક્ટોબર, ૧૯૯૫માં પૃથ્વીથી ૫૦ પ્રકાશવર્ષ દૂર '૫૧ પેગાસી' નામના તારા ફરતે પરિભ્રમણ કરતો ગ્રહ શોધી કાઢ્યો.

તે પછી તો આપણી ગ્રહમાળાની પાર અનેક ગ્રહો શોધાવા માંડ્યા.

ત્યારબાદ ૨૦૦૯માં કેપ્લર સ્પેસ ટેલિસ્કોપને અવકાશમાં પરિભ્રમણ કરતું મૂકવામાં આવ્યું હતું. તેણે તારાઓના જે પ્રકાશ ઝીલ્યા તેમાં તારાની સંમુખ પસાર થતા ગ્રહને કારણે તેમાં તારાના પ્રકાશમાં ઘટાડો આવે તે શોધવામાં આવતો હતો. તારાનો પ્રકાશ ઝાંખો થવો તેનો અર્થ એ થાય કે તારાની આડેથી ગ્રહ પસાર થયો હોઈ શકે. આવા ગ્રહની શક્યતાવાળા અવલોકનો પર 'ફ્લેગ' લગાવવામાં આવે. આવા ૧૫,૦૦૦ શક્ય ગ્રહોનાં અવલોકનો પર ફ્લેગ લગાવ્યા. તેમાંથી સાચા લાગે તેવાની સંખ્યા ૪,૦૦૦ છે. વૈજ્ઞાનિકોએ બીજી રીતે ઊંડાણથી અભ્યાસ કરી તેમાંથી ગ્રહના ઉમેદવાર તરીકે ૩,૦૦૦ તારવ્યા. તેમાં આપણા મંગળના ગ્રહ કરતાં નાના અને ગુરુના ગ્રહ કરતાં બમણા કદના છે. તે પૈકી ૧,૫૦૦ પૃથ્વીના કદ કરતાં બમણા અથવા વધારે નાના છે. તેનો અર્થ એ થાય કે તે ખડકાળ ગ્રહો હોઈ શકે.

પરંતુ આપણને જેની તલાશ છે તેવો પૃથ્વી જેવડો અને જેવો ગ્રહ હજુ સુધી મળ્યો નથી. ઘણાં વર્ષોથી માનવજાતનું તે સ્વપ્ન છે. પરંતુ વૈજ્ઞાનિકોને વિશ્વાસ છે કે પૃથ્વી જેવડો અને જેવો, જ્યાં જીવન પાંગરી શકે કે જ્યાં જીવન પાંગરેલ છે તેવો ગ્રહ મળી શકશે. તેવા ગ્રહનો 'શિકાર' કરવા તત્પર છે.

ખગોળવિજ્ઞાનીઓ અને પ્લેનેટ હન્ટર્સ સિટિઝન સાયન્સ પ્રોગ્રામના સ્વયંસેવકોએ ઓછા વજનનો, ઓછી ઘનતાનો એક બાહ્યગ્રહ (સૌરમંડળની બહારનો ગ્રહ) પીએચ૩ નામથી ઓળખાતા સૂર્ય જેવા તારા ફરતે પરિભ્રમણ કરતો આ બાહ્યગ્રહ છે.

પીએચ૩ (PH૩) યુવા તારો છે. તેને કેપ્લર–૨૮૯ પણ કહે છે. તે આપણા સૂર્યથી લગભગ ૨,૩૦૦ પ્રકાશવર્ષ દૂર છે (સૂર્યપ્રકાશે શૂન્યાવકાશમાં એક વર્ષમાં કાપેલ અંતરને એક પ્રકાશવર્ષ કહે છે. પ્રકાશની શૂન્યાવકાશમાં ઝડપ ૩,૦૦,૦૦૦ કિલોમીટર/સેકન્ડ છે.)

પીએચ૩ પિતૃતારો છે. તેને સૌરમંડળ(solar system)ની જેમ તેમનું તંત્ર છે. તેમાં બીજા બે (પ્લેનેટ) ગ્રહો છે. એક 'પીએચ૩બી' અને બીજો 'પીએચ૩ડી' છે. તેને 'કેપ્લર ૨૮૯-બી' અને 'કેપ્લર ૨૮૯-ડી' કહે છે.

કેપ્લર ૨૮૯-સી વાયુનો વિરાટ ગોળો છે. શનિનું ગરમ રૂપ ગણી શકાય. કેપ્લર ૨૮૯-બીના વજન વિશે ઓછું જાણીએ છીએ. મોટે ભાગે એ ગ્રહ ખડકાળ, પાણીવાળો અથવા વાયુરૂપ હોઈ શકે. વિચિત્ર વાત એ છે કે કક્ષીય સમયના ગાળા અનુક્રમે ૧૨૬ અને ૩૫ દિવસો છે.

ખગોળવિજ્ઞાનીઓ અને પ્લેનેટ હન્ટર્સ સ્વયંસેવકોએ જે ત્રીજું એલિયન જગત શોધ્યું છે તેને પીએચ૩સી (PH૩c) કહેવ છે. ઉપરોક્ત બંને કક્ષાના સમયના બે ગાળા વચ્ચેનો તેનો ગાળો ૬૬ દિવસોનો હશે.

સંશોધકોની ટીમને પીએચ૩સી (PH૩c) પોતાની શોધ ટાળતી હતી. તેનું કારણ એ છે કે તેની કક્ષાનો સમયગાળો અત્યંત અનિયમિત છે. બીજા ગ્રહોના ગુરુત્વની અસરના લીધે આમ થતું હતું.

પીએચ૩સી (PH૩c) વામનગ્રહ છે. તે ગ્રહ ઓછું વજન અને ઓછી ઘનતા ધરાવે છે. તેનું વાતાવરણ હાઇડ્રોજન ને હિલિયમ વાયુઓનું છે. પીએચ૩સી(PH૩c)ને ન ધારી શકાય તે રીતનો અનિયમિત આવર્તકાળ છે. સંભવતઃ તેનું નાનું કદ હોઈ શકે, તેના પર બીજા ગ્રહોના ગુરુત્વાકર્ષણની અસર મોટા પ્રમાણમાં થતી હોવી જોઈએ.

પીએચ૩સી(PH૩c)ની શોધ અમેરિકાની યેલ યુનિવર્સિટીના પ્લેનેટ હન્ટર્સ પ્રોગ્રામના સંશોધકોએ કરી હતી. આ પ્રોગ્રામમાં ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૬૦ ગ્રહો શોધાયા છે. અત્યાર સુધીમાં ખગોળવિજ્ઞાનીઓ અત્યંત અનિયમિત આવર્તકાળવાળી કક્ષામાં ઘૂમતા એવા ગ્રહો શોધી શક્યા ન હતા જે તેમની કક્ષામાં પરિભ્રમણ કરવાનો સમય માત્ર દશ કક્ષામાં દશ કલાક બદલતા હોય.

(અનુસંધાન ચૌદમા પાને)

# યાદોના અજવાળે આરંભાયો અનુ-ધીરુભાઈ યુગ

બે યુગોનું મિલન : ગુજરાત વિશ્વકોશના બે સ્થાપનાદિન સાથે મને સંકળાવાની યોગાનુયોગ સાંપડ્યો તેમાં કદાચ વિધિનો કોઈક સંકેત હશે. ૨૮મો સ્થાપનાદિન તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ઊજવાયો હતો. એના સમારંભમાં અતિથિ તરીકે મેં મારા દિલની ખ્વાહિશ વ્યક્ત કરતાં જણાવેલું કે આવતું વર્ષ, ઘણાં નવાં વાનાં કરીને ગુજરાતના જ્ઞાનક્ષેત્રે વિશ્વકોશની કીર્તિને વધુ ઊંચાઈ બક્ષશે. વિશ્વકોશના પ્રાણસમા માર્ગદર્શક-ફિલસૂફ અને પ્રેરણામૂર્તિ એવા ધીરુભાઈની વિશ્વકોશને ગુજરાતના વિકાસનું માધ્યમ બનાવવાની લાંબા ગાળાની યોજના એની સફળતા પ્રતિ વધુ એક કદમ આગળ વધશે એવી શ્રદ્ધા સૌના અંતરમાં પાકી પણ થયેલી એ સમારંભમાં જોવા મળી હતી. ધીરુભાઈએ એ પ્રસંગે આપેલું એમનું ઐતિહાસિક વ્યાખ્યાન એ શ્રદ્ધાથી રણકી પણ રહ્યું હતું જ. પણ મારી એ ખ્વાહિશ સર્વથી સબળ અને પ્રસ્તુત હોવા છતાં અધૂરી જ રહી ગઈ. કાળની ગતિ જુદી જ દિશાએ ફંટાઈ અને ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ એટલે કે ૨૮મા સ્થાપના દિનના બરાબર બાવન દિવસો પછી, ધીરુભાઈએ ગુજરાત વિશ્વકોશ પરિવારથી ચિર વિદાય લીધી. વિશ્વકોશનો 'ધીરુભાઈ યુગ' એ દિવસે સમાપ્ત થયો – સૌના દુઃખ વચ્ચે, ના-ઇલાજી વચ્ચે, સૌની બે-બસી વચ્ચે !

ખ્વાહિશોની બદનસીબી સર્વવિદિત છે. એટલે જ તો ડૉ. મહંમદ ઇકબાલે એની શિકાયત આ શબ્દોમાં કરી છે :

'હજારોં ખ્વાહિશેં એસી,
કિ હર ખ્વાહિશ પે દમ નિકલે,
બહુત નિકલે મેરે અરમાં,
લેકિન ફિર ભી કમ નિકલે'.

તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૪ એ વિશ્વકોશનો ઓગણત્રીસમો સ્થાપનાદિન. આજે આપણી વચ્ચે ધીરુભાઈ સદેહે ઉપસ્થિત નથી; એ તો યાદોના વિશ્વના યાત્રી બની ચૂક્યા છે. જાણે આગાહી કરતા હોય એમ તેઓએ અઠ્ઠાવીસમા સ્થાપનાદિનનું એમનું ઐતિહાસિક ઉદ્બોધન, જાણે કે એ મહંમદ પેગંબરસાહેબના આખરી વ્યાખ્યાન(ખુત્બા-એ-આખરી)ના જેવું વિદાયવચન હોય એમ સમાપન કરતાં કહેલું કે : 'કોશના આ સત્કાર્ય(અમારો કારવાં ધારી દિશામાં, સ્વપ્નસિદ્ધિની દિશામાં આગળ વધી રહ્યો છે એ સત્કાર્ય)ને સમકાલીન અને અનુકાલીન પેઢીઓ પણ સતત વિકસતું રાખશે એવી વિધેયાત્મક પ્રતીતિ સાથે કૃતજ્ઞતાપૂર્વક હું વિરમું છું.' એ વિરામ ચિર વિદાયમાં પરિણમ્યો, એ આપણે સૌ ઊંડા દુઃખ સાથે જાણીએ છીએ.

અને મજબુરન જાણે કે વિશ્વકોશ પરિવાર અને વિશ્વકોશ આંદોલન માટે 'અનુ-ધીરુભાઈ યુગ'માં પ્રવેશવાનું નિર્માયું. આપણા સૌની એ આપત્તિની, એ અસહાયતાની

ઘડીમાં આપણે આપણી અણધારી વિદાય લેતા મહાન આત્મા પાસે જાણે કે આ યાચના કરી અને એમ લાગે કે એ સ્વીકારાઈ હશે પણ તારી, કારણ કે તેઓ એક ઉદારદિલ ઇન્સાન હતા.

'ઉજાલે અપની યાદોં કે
હમારે સાથ રહેને દો;
ન જાને કિસ ગલી મેં
જિંદગી કી શામ હો જાયે!'

૨૪ જાન્યુઆરી, ૨૦૧૪નો દિવસ આમ વિશ્વકોશના ઇતિહાસમાં 'અનુ–ધીરુભાઈ યુગ'ના આરંભનો દિવસ બન્યો. યાદ રહે કે એ યુગને અજવાળવાની ચિંતા પણ ધીરુભાઈએ ખુદ પોતાને પક્ષે જ રાખી, કારણ કે ઇહલોકમાં પણ એક સંસ્થા-પાલક તરીકે તેઓ બીજાની ચિંતાનો બોજ પોતાને શિરે જ રાખતા ને ? એમની અસંખ્ય યાદો, વિશ્વકોશ પરિવારને માટે એમની નવીન યાત્રામાં અખૂટ ઊર્જાનો સ્રોત પુરવાર થઈ રહી છે એ 'અનુ–ધીરુભાઈ યુગ'ના પ્રથમ વર્ષનો સૌનો અનુભવ છે જ !

ધીરુભાઈના જીવન અને કાર્ય સાથે સંકળાયેલી યાદો અપરંપાર છે, કારણ કે તેઓ ઘણીબધી દૃષ્ટિએ ધની હતા, ધનવાન હતા, ધનકુબેર હતા. અલબત્ત, એમનું ધન એ પ્રકારનું ધન ન હતું જેનો ઉલ્લેખ તેમણે તેમના તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૩ના ઐતિહાસિક વ્યાખ્યાનમાં નીચેના શ્લોક દ્વારા કર્યો હતો.

यौवनं धनसंपत्ति प्रभुत्त्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

એમના ધનભંડારમાં જે અખૂટ ધન હતું તે હતું સંસ્કારધન, જ્ઞાનધન, વિદ્યાધન, પ્રેમધન, અનુકંપા ધન, સ્મૃતિ ધન, સાહિત્ય ધન, સર્જન ધન, માનવ્ય ધન અને એવાં બીજાં અનેક ધનનો અંબાર એમના ખજાનામાં હતો. તેઓ જીવનભર ધન અર્જિત કરતા રહ્યા અને સાથે સાથે ઉદારતાપૂર્વક વહેંચતા પણ રહ્યા; અને એમ કરતાં કરતાં તૈત્તિરીય ઉપનિષદનો આ મંત્ર નિરંતર ધ્યાને ધરતા રહ્યા.

श्रद्धया देयम् । अश्रद्धयादेयम् ।
श्रिया देयम् । ह्रिया देयम् । ह्रिया देयम् । संविदा देयम् ॥

ગુજરાત વિશ્વકોશ પરિવાર બડભાગી ગણાય કે એને આવો સમૃદ્ધ ધનવારસો સાંપડ્યો. સાથે સાથે એને પડકાર પણ મળ્યો કે એ વારસાના અંબારને પચાવી જાણે, જાળવી જાણે, એનો સુચારુ ઉપયોગ કરી જાણે અને 'અનુ–ધીરુભાઈ યુગ'ને નૂતન આયામો, નવીનીકરણો, નવાં સાહસો વગેરે વડે વધુ પ્રકાશમાન બનાવે.

વિશ્વકોશ સમક્ષ 'અનુ–ધીરુભાઈ યુગ'ના પ્રથમ વર્ષ દરમિયાન જ એક સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાની યાદોનાં અજવાળે નૂતન આરંભ કરવા નીચેના ચાર વિકલ્પો હતા :

(૧) વિશ્વકોશને એના ભાગ્ય પર છોડી દેવો.

(૨) વિશ્વકોશને યથાવત્ જાળવવો.

(૩) વિશ્વકોશમાં જરૂરી જણાય ત્યાં સુધારા-વધારા કરવા.

(૪) વિશ્વકોશમાં નવીનીકરણ કરવાં, સંશોધન હાથ ધરવાં.

અને એમ કરીને એને સાંપ્રત સમય સાથે સુસંબદ્ધ કરવું. સદ્ભાગ્યે, વિશ્વકોશ પરિવારે ઉપરના વિકલ્પો પૈકીનો સૌથી અઘરો, એટલે કે ચોથા ક્રમનો વિકલ્પ પસંદ કરી એના માર્ગે ચાલીને 'અનુ-ધીરુભાઈ યુગ'નો આરંભ કરવાનો પ્રશસ્ય નિર્ણય કર્યો. એ નિર્ણયની પાછળ પ્રેરકબળ હતું ધીરુભાઈની સંકલ્પબદ્ધતા, કર્તવ્યનિષ્ઠા, ઊંચાં નિશાન સર કરવાની યુયુત્સા અને મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતાની ચેતનાભરી યાદો. એ યાદોનાં અજવાળે વિશ્વકોશ પરિવારે નવી કેડી પાડવાનું મુનાસિબ માન્યું. પરિણામે 'અનુ–ધીરુભાઈ યુગ'ના આ પહેલા જ વર્ષે સૌમાં નવી આસ્થા, નવો ઇતબાર, નવી હોંશ, નવો ઉત્સાહ અને નવી અદમ્ય ધગશનો સંચાર થયો, એ જોઈ શકાય છે. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજની અતિ દુઃખદ ઘટનાનો જખ્મ જેવોતેવો ન હતો. એણે વિશ્વકોશ પરિવારને જબરજસ્ત આંચકા આપ્યા હતા. જેણે જન્મ આપ્યો હતો ઘેરા શોકને, ઊંડા આઘાતને, માનસિક કંપને, ચેતના શોષી લેતી હતાશાને અને કેટલાક કિસ્સાઓમાં નૈતિક–સાંવેગિક છિન્નભિન્નતાને, આ એક અતિ ગંભીર મનોદૈહિક બીમારીની કટોકટીભરી સ્થિતિ હતી. આવી પરિસ્થિતિમાં શરૂ થયેલો કાળખંડ કેવો ઘાતક પુરવાર થાય એ કલ્પનાનો જ વિષય છે. આવા નિષેધાત્મક પરિબળની સામે વિશ્વકોશ પરિવારે ઝૂઝવાનું હતું અને નવા યુગનાં મંડાણ પેલી યાદોને અજવાળે આશાભર્યા આરંભથી કરવાનાં હતાં. મને એ કહેતાં ગર્વ થાય છે કે વિશ્વકોશ પરિવાર એકજૂટ બની એવો આરંભ કરી શક્યો. એની એ નૈતિક–સાંવેગિક જવાંમર્દી માટે એને શત શત મુબારકબાદ છે. એણે કવિવર ડૉ. ઇકબાલના આ અમર કલામને સાક્ષાત્ જીવી બતાવ્યો.

'જિંદગી ઝિંદાદિલી કા નામ હૈ
મુર્દાદિલ ખાક જિયા કરતે હૈં'

મને લાગે છે કે આમ કરી શકવા માટે વિશ્વકોશ પરિવારે સજાગ મને, એકમતે, સંકલ્પપૂર્વક, ધીરુભાઈના **Role Model**ને ધ્યાનમાં રાખીને પેલી યાદોના અજવાળે આટલાં નીચે દર્શાવેલાં વાનાં કર્યાં જે નોંધપાત્ર છે :

(૧) વિશ્વકોશ પરિવાર ખૂબ પ્રયત્નપૂર્વક તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ની ઘટનાની દુઃખ, આઘાત અને નૈરાશ્યની ઘાતક અસરોમાંથી ધીરે ધીરે, પણ મક્કમતાથી મુક્ત થયો, એ માટે એણે જે ધૃતિ– **Resilience** બતાવી એ અદ્વિતીય હતી. આ એને માટે એક નવો જ અવતાર હતો. અંગ્રેજ કવિ **John Donne**ની આ પંક્તિઓ દ્વારા તેણે ખુદ મોતને પડકારી જીવનનો મહિમા સ્થાપિત કર્યો એવું કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

Death be not proud
Some have called thee
MIGHTY and DREADFUL
For thou aren't So!
For those whom thou thinkest
Thou dos't overthrow
Die not poor death,
Nor yet can'st thou kill me.

વિશ્વકોશ પરિવારના પક્ષે આ એમના ગૌરવપૂર્ણ આત્મસમર્થનની (self-assertion) એક ખુબ મોટી સિદ્ધિ હતી.

(૨) તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ની ઘટનાએ વિશ્વકોશમાં નેતૃત્વની ઊંડી ખાઈ(Void) સર્જી હતી. અઠ્ઠાવીસ-અઠ્ઠાવીસ વર્ષ સુધી લગાતાર નેતૃત્વ સંભાળનાર સૌના એ મહારથીની ખોટ કેમ પુરાશે એનો સૌને ઘેરો ઉચાટ હતો. વિશ્વકોશ પરિવારે આવી કપરી ઘડીમાં શાણપણ દાખવ્યું, દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ કર્યો, વ્યવહારદક્ષતાનો ઉપયોગ કર્યો અને એમ કરીને સહસંમતિથી સહિયારી, સામૂહિક નેતૃત્વની મિસાલ વિકસાવવા માંડી. સહયોગ, સખ્ય અને સહકારની ત્રિવેણીથી collaborative Leadershipનો પ્રયોગ સફળ રીતે કરવામાં આવ્યો. એનાં સુફળ અને કાર્યક્રમોના આયોજન 'અનુ–ધીરુભાઈ યુગ'ના પ્રથમ વર્ષમાં જોવા મળ્યાં છે જેની નોંધ છેલ્લા દસ મહિનાઓના 'વિશ્વવિહાર'માં લેવામાં આવી છે. અહીં મને અમેરિકાના જાણીતા અશ્વેત લોકકાર્યકર મર્હૂમ Dr. Martin Luther King Jr. ના પ્રખ્યાત ગીતની પંક્તિઓ યાદ આવે છે :

હમ ચલેંગે સાથ સાથ
લિયે હાથોં મેં હાથ
હમ ચલેંગે સાથ સાથ એક દિન
હો હો મનમેં હૈ વિશ્વાસ પુરા હૈ વિશ્વાસ
હમ ચલેંગે સાથ સાથ એક દિન !

(૩) 'અનુ–ધીરુભાઈ યુગ'ના નિર્માણ માટેનું પ્રેરક બળ છે તે એમની યાદોનાં અજવાળાંનું. ધીરુભાઈ એક ઝીણવટ ભરી નજર અને બારીક ચીવટ રાખનાર લેણદાર હતા. એમના બાકી લેણાની વણલખેલી યાદી, જે એક લાંબી ફેરિસ્તન રૂપે હતી, તે એમના વસિયતનામામાં આપી ગયા હતા. વિશ્વકોશ પરિવારે એક વફાદાર અને વચનપાલક દેણદાર તરીકે ચઢેલું ઋણ ચૂકવવાની વિના વિલંબે શરૂઆત કરીને ક્રમશઃ કેટલાંક અધૂરાં આયોજનો પૂરાં કરવા માંડ્યાં છે. એનાથી એક બાજુ પ્રવૃત્તિઓનું સાતત્ય જળવાયું છે, અને બીજી બાજુ તેનાથી નવી સફળતાનાં દ્વાર ખુલવા માંડ્યાં છે. અને

વચનપાલનની ધીરુભાઈએ પાડેલી પરંપરા નવી શ્રદ્ધા સાથે દૃઢ બની રહી છે એ 'અનુ–ધીરુભાઈ યુગ'ની એક નોંધપાત્ર સિદ્ધિ છે.

(૪) અને છેલ્લે, ધીરુભાઈ તરો-તાજા પદાર્થો તેમજ વિચારોના એક કદરદાન ભાવક હતા. ખુદ ગુજરાતી વિશ્વકોશ જેવી એક નવી જ અનોખી સાહિત્યિક વાનગી પણ એમની જ આગવી સર્જન હતી ને ? વિશ્વકોશ પરિવારે ધીરુભાઈની એ સાત્ત્વિક સુરુચિનું અનુસરણ જ નહીં પણ એનું પ્રયોગમૂલક નવીનીકરણ (Innovation) હાથ ધરવા કેટલાંક નવપ્રસ્થાન કરવાની નૈતિક હામ દાખવી છે તેની અત્રે અભિનંદનસહ નોંધ લેવી રહી. એમની આ સર્જનાત્મક પ્રવૃત્તિએ સકળ વિશ્વકોશ પરિવારને ઉદ્યુત (Mobilise) કરવા માંડ્યો છે જેના ઘણા અણસાર કાર્યક્રમોમાં તથા 'વિશ્વવિહાર'ની નોંધોમાં જોવા મળે છે. આ પ્રકારની અનોખી કામગીરી તો ધીરુભાઈની યાદોને માટે એક મસમોટી મિરાત છે. આ માટે એક પ્રબળ કારણ છે, અને તે છે ધીરુભાઈની પોતાની ચીલો ચાતરવા માટેની હાકલ, જે કવિ 'ફિરાક' ગોરખપુરીની આ વસિયતી પંક્તિઓ બ-ખૂબી વ્યક્ત કરતી સાંભળી- અનુભવી શકાય છે.

'મૈં તુમ સે રૂખસત લેતા હું
આઓ સમાલો સાઝ-એ ગઝલ;
નયે તરાને છેડો,
મેરે નગ્મોં કો નીંદ આતી હૈ'

વિશ્વકોશે એક જીવંત અને ચેતનવંતી (Dynamic) સંસ્થા તરીકે તેની હાજરીની પ્રતીતિ 'અનુ–ધીરુભાઈ યુગ'ના આરંભના વર્ષ દરમિયાન કરાવી છે એ એક સંતોષની બીના છે. [આવતે અંકે પૂર્ણ]

– દાઉદભાઈ ઘાંચી

*(વિશ્વકોશના ર૯મા સ્થાપના દિને આપેલું વ્યાખ્યાન)*

---

(નવમા પાનાનું ચાલુ)

પૃથ્વી પર આવી અસરો બહુ જ ઓછી હોય છે. પીએચ૩સી(PH3c)નો કક્ષીય આવર્તકાળ એટલે કે પરિભ્રમણ કાળ દશ કક્ષામાં ૧૦.૫ કલાક બદલાયેલો માલૂમ પડ્યો હતો. આ શોધે ખગોળવિજ્ઞાનીઓને પીએચ૩સી(PH3c)ની આસપાસના બીજા બે ગ્રહોની લાક્ષણિકતા વધારે સારી રીતે પૂરી પાડી.

પૃથ્વીના સૂર્ય ફરતેના પરિભ્રમણ કાળમાં લગભગ એક મિનિટનો ફરક પડતો માલૂમ પડ્યો છે. પૃથ્વી વજનદાર છે તેથી બીજા ગ્રહોના ગુરુત્વાકર્ષણની નોંધપાત્ર અસર થતી નથી. બીજા બે ગ્રહો 'પીએચ૩-બી' અને 'ડી'ના આવર્તકાળ પણ અનિયમિત છે.

– બિહારી છાયા

## ભરપૂર જીવવામાં માનનાર સંગીતકાર

# શ્રી અતુલ દેસાઈ

પંડિત ઓમકારનાથ ઠાકુરના પટ્ટશિષ્ય સંગીતજ્ઞ, સૂરના સાધક શ્રી અતુલ દેસાઈને તા. ૩૧-૧-૨૦૧૫ના રોજ એમના ૮૧મા જન્મદિવસ નિમિત્તે એમની જ સુરીલી સ્મૃતિઓથી જીવંત કરીએ. એમની સંગીતસેવા તથા એમને પ્રાપ્ત પુરસ્કારોથી અજાણ કોઈ સંગીતપ્રેમી નહિ મળે.

વિદ્યાર્થી અવસ્થામાં વલ્લભવિદ્યાનગર એન્જિનિયરિંગના અભ્યાસને તિલાંજલિ આપીને બનારસ સંગીત યુનિવર્સિટીમાં અભ્યાસાર્થે ગયા. આપણને એક ઉત્તમ એન્જિનિયર પણ પ્રાપ્ત થઈ શક્યા હોત; પરંતુ એક સંગીતકાર બનીને એમણે અંદર જીવતા ચેતનવંતા વ્યક્તિત્વનો સૌને પરિચય કરાવ્યો.

શ્રી અતુલ દેસાઈ દ્વારા સ્વરબદ્ધ થયેલી 'કદમ્બ' સંસ્થાની એમની કૃતિઓ ચિરસ્મરણીય બની રહી. 'દશાઅવતાર', 'અતઃ કિમ્', 'હીરી', 'તરાના' જેવી અનેક રચનાઓ સંગીતક્ષેત્રે સીમાચિહ્નરૂપ પુરવાર થઈ. શુદ્ધ શાસ્ત્રીય સંગીતની ઉપાસનાની સાથે શ્રી અતુલ દેસાઈની સાંગીતિક ગુણવત્તા તથા સૌંદર્યસભર સ્વરરચનાઓ એ સંગીતજગતને પ્રાપ્ત થયેલી એમની ઉત્તમ ભેટ છે. એમના દ્વારા સ્વરબદ્ધ થયેલાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં ભજનો, ધૂનો તથા પદો સંગીતની રસનિષ્પત્તિની સાથે ભક્તિરસનો અનુપમ અનુભવ કરાવે છે. એમની પાસે સંગીતની તાલીમ લેવી એ એમના પ્રત્યેક શિષ્યને માટે એક આનંદદાયક લહાવો હતો. ક્યારેક શિષ્યો શીખવાનું છોડીને માત્ર એમને સાંભળવાની જીદ પકડીને બેસતા. તે સમયે કોઈ બંદિશ શરૂ કરીને 'ચલો ગાઓ' કહીને એ તાલીમ આગળ ચલાવતા.

એમના દ્વારા સ્વરબદ્ધ થયેલી ગઝલો, ભજનો તથા ઉપશાસ્ત્રીય પદોની પ્રસ્તુતિ ગાયકની પ્રતિબદ્ધતા તથા સજ્જતા માંગી લે તેવી છે. એમના સંગીતક્ષેત્રના પ્રદાનને બિરદાવતાં ભારત સરકારે એમને રાષ્ટ્રપતિ પુરસ્કારથી સંમાનિત કર્યા હતા.

ઉમદા સંગીતકાર હોવાની સાથે ઉત્કટ સાહિત્યપ્રેમ, વાંચનપ્રેમ અને આધ્યાત્મિકતા એ એમના વ્યક્તિત્વનાં એવાં પાસાં છે કે જેને યાદ કર્યા વગર એમને આપેલી અંજલિ અધૂરી ગણાય. એમની બુદ્ધિ-ચાતુર્યસભર આંખમાં રમૂજનો ચમકાર હંમેશાં નજરે પડતો. એમના દ્વારા થયેલી રમૂજ ક્યારેક કેટલાક લોકોને પાછળથી સમજ પડે અને ક્યારેક તો ન પણ પડે એવા પણ દાખલા છે.

→

# વધુ કમાણીની ધૂન

વર્તમાન યુગમાં અબજોપતિ વૉરન બફેટ બેશુમાર ધનસંપત્તિ ધરાવતા હોવા છતાં છેક ૧૯૫૮માં માત્ર એકત્રીસ હજાર પાંચસો ડૉલર આપીને ખરીદેલા ઘરમાં રહે છે. ત્રણ બેડરૂમનું આ ઘર છે અને એમણે ક્યારેય પ્રાઇવેટ જેટથી પ્રવાસ કર્યો નથી.

નિશાળમાં અભ્યાસ કરતી વખતે આપકમાઈ કરવા માટે અખબારના ફેરિયાનું કામ કરતો હતો અને પિતા ધનવાન હોવા છતાં ખિસ્સાખર્ચી કાઢવા માટે અખબાર વેચતો હતો. વૉરન બફેટ માને છે કે પૈસાથી ખુશીઓ ખરીદી શકાતી નથી. એમના શોખ પણ ઘણા સાધારણ છે. અસ્તાચળના સમયે સમુદ્રના કિનારે ખુલ્લા પગે ચાલવાનું એમને વધુ પસંદ છે. કૉફી શોપમાં બેસીને આવન-જાવન કરતા લોકોને જોવામાં એમને ખૂબ મજા આવે છે અને કહે છે કે જીવનની સામાન્ય પળોમાં પણ અખૂટ આનંદ છુપાયેલો છે. આ અબજોપતિ એમ માને છે કે બીજાની સાથે પોતાની તુલના કરીને વધુ કમાણી કરવાની ધૂન વ્યક્તિને ક્યારેય સંતુષ્ટ કરી શકતી નથી. આથી ૨૦૦૬માં એમણે પોતાની સંપત્તિનું દાન કરવાનો નિર્ણય કર્યો. એણે થોડીઘણી સંપત્તિ નહીં, પણ ૮૩ ટકા સંપત્તિ બિલ એન્ડ મિલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને દાનમાં આપી દીધી.

૨૦૦૨ના એપ્રિલમાં મેડિકલ ટેસ્ટ કરતાં ખબર પડી કે એમને કેન્સર થયું છે. પાંચેક મહિના સારવાર લઈને ફરી કામે લાગી ગયા અને આજે ૮૩ વર્ષના વૉરન બફેટ ઑફિસ અને સામાજિક કાર્યોમાં ડૂબેલા રહે છે.

---

←

આ મસ્તમોલા સંગીતકાર કેટલીય જરૂરિયાતમંદ વ્યક્તિઓને જરા પણ વળતરની આશા વગર મદદ કરતા હતા. એમના સંપર્કમાં આવતી દરેક વ્યક્તિના પ્રિય સ્વજન બની જનાર શ્રી અતુલ દેસાઈ રમૂજવૃત્તિની સાથે ઝિંદાદિલી ધરાવનાર વિચારક પણ હતા. કેન્સર જેવી બીમારીને ખૂબ સાહજિકતાથી લાંબા સમય સુધી પડકાર આપ્યો. આ તમામ ગુણોની સાથે શ્રી અતુલ દેસાઈ અત્યંત મૃદુ હૃદય ધરાવતા હતા. વિશ્વકોશમાં ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન-શ્રેણીના એમના વ્યાખ્યાન વખતે સ્વ. રાવજી પટેલરચિત 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા'ની પ્રસ્તુતિ દરમિયાન તેઓ ગળગળા બની ગયા હતા. શ્રોતાઓ પણ એ પળે ભાવવિભોર બની ગયા.

શ્રી અતુલ દેસાઈએ જીવનને ભરપૂર માણ્યું. એમની સ્મૃતિ તમને ખડખડાટ હસાવી જાય, ગવડાવી જાય અને એમના દ્વારા થયેલા સંગીતના યોગદાનની યાદ અપાવી જાય. એનાથી વિશેષ બીજી સાર્થકતા કઈ !

– અલ્પા નીરવ શાહ

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે જાન્યુઆરી મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૨૧ જાન્યુઆરી, ૨૦૧૫, બુધવાર :** વિષય : ગુણસુંદરી (સરસ્વતીચંદ્ર), સુચરિતા (દીપનિર્વાણ) અને રન્ના(શીમળાનાં ફૂલ)માં નારીચેતના
વક્તા : શ્રી ઉષા ઉપાધ્યાય

**૨૮ જાન્યુઆરી, ૨૦૧૫, બુધવાર :** વિષય : પારસી રંગભૂમિ : ગઈ કાલ, આજ અને આવતી કાલ
વક્તા : શ્રી યઝદી કરંજિયા

## સ્વાસ્થ્ય-યોગશ્રેણી

◈ **૮, ૯ જાન્યુઆરી ૨૦૧૫, ગુરુવાર-શુક્રવાર : બપોરે ૪.૩૦ થી ૬.૦૦**

શ્રી મનસુખભાઈ મેદાણીના સહયોગથી ચાલતી સ્વાસ્થ્ય-યોગશ્રેણીના ઉપક્રમે ડાયાબિટીસના દર્દીઓ માટે બે દિવસની યોગશિબિર યોજવામાં આવી છે. આ શિબિરમાં યોગશિક્ષિકા શ્રી ભારતીબહેન મિસ્ત્રી ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવા માટે યોગાસનો તેમજ એ માટેની આવશ્યક આહાર પદ્ધતિ વિશે વક્તવ્ય આપશે. (મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે.)

◈ **૨૪ જાન્યુઆરી ૨૦૧૫, શનિવાર : સાંજે ૫.૦૦**

ગુજરાતી વિશ્વકોશના પ્રણેતા ડૉ. ધીરુભાઈ ઠાકરની પ્રથમ પુણ્યતિથિએ 'અનહદ બાની અને ભજનવાણી' નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શ્રી સુભાષ ભટ્ટ 'અનહદ બાની' વિશે વક્તવ્ય આપશે તથા શ્રી નિરંજન રાજ્યગુરુ 'ભજનવાણી'ના ઉપક્રમે ભજનો સાથે વક્તવ્ય આપશે.

## લલિતકલાકેન્દ્ર

◈ **૨૯ જાન્યુઆરી ૨૦૧૫, ગુરુવાર, સાંજના ૫-૦૦ :**

ડૉ. સુરેશ શેઠ લિખિત 'The Arts of the Kharak & Crafts of their region-Saurashtra' પુસ્તકમાં બસો વર્ષ પૂર્વે રાજસ્થાનના ભીનમાલ વિસ્તારના ખરક જાતિના ભરતકામ અને ચિત્રકલા વિશે તૈયાર થયેલા આ પુસ્તકમાં એની લુપ્તપ્રાય થઈ ગયેલી લોકપરંપરાનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. જે પુસ્તકનું વિમોચન શ્રી અમિત અંબાલાલ અને શ્રી અનિલ રેલિયા કરશે.

❖ ૩૧ જાન્યુઆરી ૨૦૧૫, શનિવાર, સાંજના ૫-૦૦ :

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને અતુલ દેસાઈ ફાઉન્ડેશનના ઉપક્રમે કલાગુરુ શ્રીમતી કુમુદિની લાખિયાનું વક્તવ્ય અને Recreative unforgetable and exquisite moments with Shri Atul Desai ની ડોક્યુમેન્ટરીની રજૂઆત તેમજ શ્રી અતુલ દેસાઈ દ્વારા સ્વરબદ્ધ થયેલા કૃષ્ણભક્તિના પદોની નીરજ પરીખ, ડૉ. મોનિકા શાહ, શિવાંગી દેસાઈ, વિરાજ અમરનું શિષ્યવૃંદ તથા આરાધના એકેડેમીના શિષ્યો દ્વારા પ્રસ્તુતિ. સંગીત સંચાલન શ્રી અમિત ઠક્કર અને તાલવાદ્ય શ્રી રમેશ બાપોદરા.

❖ ૧ ફેબ્રુઆરી ૨૦૧૫, રવિવાર, સાંજના ૬-૦૦ :

પ્રખ્યાત સિતારવાદક શ્રી મંજુ મહેતા દ્વારા સિતારવાદન : તબલા સંગત શ્રી તપન અંજારિયા.

### અન્ય

❖ ૨૨ જાન્યુઆરી ૨૦૧૫, ગુરુવાર, સાંજના ૬-૦૦ :

શ્રી આરાધના ભટ્ટ લિખિત 'સુરીલા સંવાદ–૨' અને 'પ્રવાસિની' પુસ્તકોનું વિમોચન સમારંભ. ઈલાબહેન ભટ્ટ, કુમારપાળ દેસાઈ, દીપક દોશીના વક્તવ્યો તથા અમર ભટ્ટનું કાવ્યગાન.

### અભિનંદન

❖ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૨૦૧૨–૧૩ના વર્ષ માટેનું વિજ્ઞાનવિષયક શ્રી બી. એન. માંકડ પારિતોષિક ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પરામર્શક પ્રા. બી. સી. પટેલને વિશ્વકોશે પ્રકાશિત કરેલા. 'માનવ જનીનવિજ્ઞાન' પુસ્તક માટે એનાયત થયું છે.

❖ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા બાળસાહિત્ય માટેનું શ્રી રમણલાલ સોની પારિતોષિક બાળવિશ્વકોશની સંપાદન સમિતિના સભ્ય શ્રી અંજના ભગવતીએ લખેલા અને વિશ્વકોશે પ્રકાશિત કરેલ બાળવાર્તાના પુસ્તક 'કીડી કુંજર કરે કમાલ' ને એનાયત કરવામાં આવ્યું છે.

## સળંગ લાંબી કિશોરકથાની સ્પર્ધા


❖ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગુજરાતી ભાષામાં બાળ-કિશોર સાહિત્યને ઉત્તેજન આપવા માટે એક સળંગ લાંબી કિશોરકથાની વાર્તાસ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાની મુદત ૩૧ જાન્યુઆરી, ૨૦૧૫ સુધી લંબાવવામાં આવી છે. વાર્તા સ્પર્ધાનું પરિણામ ૨૦ એપ્રિલ, ૨૦૧૫ના રોજ જાહેર થશે. પરિણામની જાણ બધા સ્પર્ધકોને કરવામાં આવશે.



વિદેશી કવિઓનાં ગુજરાતી ભાષામાં અનુવાદિત થયેલાં ગીતોની શ્રી અમર ભટ્ટ દ્વારા પ્રસ્તુતિ



'ઉપનિષદો અને આપણું જીવન'
વિશે પૂ. સંતશ્રી આનંદમૂર્તિજી



બ્રિટનમાં ચાલતી
'ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિઓ તથા
માતૃભાષા સંવર્ધન' વિશે શ્રી વિપુલ કલ્યાણી



'ભાષા અને માનવચેતના'
વિશે શ્રી વિનોદ જોષી

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2015-17 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2017

ISSN 2321 6999

દર માસની પાંચમી તારીખે પ્રકાશિત




# ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની
અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા,
ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવાં

૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦ થી
વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં
૧૬૯ વિષયના ૨૩,૦૦૦થી વધુ
લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન
માહિતી ધરાવતો પ્રમાણભૂત
વિશાળ જ્ઞાનસંચય.

વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતી
ગ્રંથ ૧ થી ૨૫ સુધીની





આ શ્રેણીની કિંમત રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ: રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ